Seat No. : _______________

# N40-104

**December-2014**

**B.A., Sem.-VI**

**CC-312 : Gujarati**

**(ભાષાવિજ્ઞાન અને ગુજરાતી ભાષાનો પરિચય)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. અપભ્રંશથી અર્વાચીન ગુજરાતી સુધીની ભાષા ભૂમિકાઓ ભેદક લક્ષણો સાથે આલેખો. **14**

**અથવા**

ઐતિહાસિક અને સાંસ્કૃતિક ભૂમિકા દર્શાવી, ગુજરાતી ભાષાના શબ્દભંડોળનો સદૃષ્ટાંત પરિચય આપો.

2. અંગસાધક પ્રત્યય એટલે શું ? તત્સમ, તદ્‌ભવ અને ફારસી પૂર્વ પ્રત્યયો તથા પરપ્રત્યયોનો ઉદાહરણો સાથે ખ્યાલ આપો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો.

(1) અંગવિસ્તારક પરપ્રત્યયો

(2) ફારસી પરપ્રત્યયો

3. નીચેનામાંથી **બે** ટૂંકનોંધ લખો. **14**

(1) રવાનુકારી અને દ્વિરુક્ત પ્રયોગો

(2) સમાસના પ્રકારો. (ઉદાહરણ સહિત)

(3) નિપાતો

(4) ઉદ્‌ગારવાચકો

4. નીચેનામાંથી **બે** ટૂંકનોંધ લખો. **14**

(1) બહુવચનના 'ઓ' પ્રત્યયનું પ્રયોગક્ષેત્ર

(2) લિંગસિદ્ધિ

(3) વિકારી-અવિકારી નામ અને વિશેષણ

(4) પહેલી વિભક્તિ દ્વારા સૂચવાતા અર્થ

5. નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ શોધી જવાબ લખો. **14**

(1) સંસ્કૃતમાંથી સીધે સીધા અર્વાચીન ગુજરાતીમાં આવેલા શબ્દોને શું કહે છે ?

(a) તત્સમ (b) તદ્‌ભવ (c) દૃશ્ય

(2) દસમા-બારમા સૈકામાં જે ભાષા ગુજરાત-રાજસ્થાનમાં ઉદ્‌ભવી તેને 'મારુ ગુર્જર' નામ કોણે આપ્યું ?

(a) કે.કા. શાસ્ત્રી (b) ઉમાશંકર જોશી (c) કે.હ. ધ્રુવ

(3) નીચેનામાંથી કયો શબ્દ ફારસી નથી ?

(a) શરાબ (b) કિલ્લો (c) ચાવી

(4) નીચેનામાંથી 'કુ' પૂર્વપ્રત્યય કયા શબ્દને લાગેલો છે ?

(a) કુવિચાર (b) કુમાર (c) કુંદન

(5) ગેરહાજરમાં લાગેલો પ્રત્યય કઈ ભાષાનો છે ?

(a) ફારસી (b) ગુજરાતી (c) સંસ્કૃત

(6) ઢોલક, નણદલ, ઢેલડ શબ્દોના પ્રત્યય કયા નામે ઓળખશો ?

(a) તત્સમ (b) અંગવિસ્તારક (c) તદ્‌ભવ

(7) નીચેનામાંથી રવાનુકારી શબ્દ કયો છે ?

(a) ટપટપ (b) બબડવું (c) ખંખેરવું

(8) સંયોજક વિનાની સંપૂર્ણ દ્વિરુક્તિ કઈ નથી ?

(a) સાફ-સાફ (b) ગામેગામ (c) ઝબકઝબક

(9) જે સમાસમાં આગળનું પદ પાછળના પદ સાથે વિભક્તિ સંબંધથી જોડાયેલું હોય તેને કયો સમાસ કહેવાય ?

(a) તત્પુરુષ (b) કર્મધારય (c) દ્વંદ્વ

(10) અને, તથા, તેમજ, વળી, ઉપરાંત સંયોજકો કયા નામે ઓળખાય છે ?

(a) સમુચ્ચયવાચક (b) કારણવાચક (c) વિકલ્પવાચક

(11) ગુજરાતીમાં વચન વ્યક્ત કરવાની કેટલી રીત છે ?

(a) બે (b) ત્રણ (c) એક

(12) બહુવચનનો 'ઓ' પ્રત્યય કઈ સંજ્ઞાને લાગતો નથી ?

(a) દૂધ (b) માણસ (c) બાળક

(13) પુલ્લિંગ પરથી સ્ત્રીલિંગ બનાવવા કયો પ્રત્યય વપરાય ?

(a) ઉ (b) ઓ (c) ઈ

(14) જે વાક્યમાં કર્મની પ્રધાનતા હોય તેને કઈ વાક્ય રચના કહેશો ?

(a) કર્મણિ (b) કર્તરિ (c) ભાવે